# એર હોસ્ટેસ/પર્સર (વિમાન પરીચારિકા)

એક એર હોસ્ટેસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારના વિમાનની ઉડાનોમાં મુસાફરોની સલામતી અને આરામ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને બહાર કામ કરવાનું ગમે છે
- લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો તમને ગમે છે.
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૮૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એર હોસ્ટેસ તાલીમ / ઉડ્ડયન / હોસ્પિટાલિટી અને ટ્રાવેલ મેનેજમેન્ટ / ટ્રાવેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ / ઈન્ટરનેશનલ એરલાઇન અને ટ્રાવેલ મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાંમાં સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

એર હોસ્ટેસ તાલીમ/ઉડ્ડયન / હોસ્પિટાલિટી અને ટ્રાવેલ મેનેજમેન્ટ / ટ્રાવેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ/ઈન્ટરનેશનલ એરલાઇન અને ટ્રાવેલ મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાંમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ અથવા તો સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

એર હોસ્ટેસ તાલીમ / ઉડ્ડયન / હોસ્પિટાલિટી અને ટ્રાવેલ મેનેજમેન્ટ / ટ્રાવેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ/ઈન્ટરનેશનલ એરલાઇન અને ટ્રાવેલ મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એર હોસ્ટેસનું માસિક પગાર મહિને આશરે રૂ. ૧૭,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલો હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Flight_Attendant/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કોમર્શિયલ એરલાઈન્સ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ફિલ્ડ જોબ છે. મુસાફરી એ તમારી કામગીરીનું મહત્વનું પાસું છે. તમે સતત ૭ દિવસ સુધી વધુમાં વધુ ૬૫ કલાક કે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, કામ કરી શકો છો.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → ફ્લાઈટ એટેન્ડન્ટ્સ અને ટ્રાવેલ સ્ટુઅર્ડ્સ → હેડ ફ્લાઈટ એટેન્ડન્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એર હોસ્ટેસ, ફ્લાઈટ એટેન્ડન્ટ, કેબિન ક્રૂ, કેબિન એટેન્ડન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**એર હોસ્ટેસની તાલીમ આપતી સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.**

**સરકારી સંસ્થાઓ**

૧. અન્નાઈ ઈન્દિરા એર હોસ્ટેસ ટ્રેનિંગ એકેડમી, તમિલનાડુ
૨. પેરિયાર યુનિવર્સિટી, તમિલનાડુ
૩. અદિતિ મહાવિદ્યાલય, નવી દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ફ્રેંકફિન ઈન્સ્ટિટ્યુટ ઓફ એર હોસ્ટેસ ટ્રેનિંગ, સુરત
૨. વેસ્ટર્ન ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઑફ એરોનોટિક્સ (ડબલ્યુ.આઈ.આઈ.એ.), ગુજરાત
૩. ફ્લાયવ્હીલ એવિએશન એકેડમી, મહારાષ્ટ્ર
૪. એપ્ટેક એવિએશન એકેડમી, પશ્ચિમ બંગાળ
૫. પી.ટી.સી. - એવિએશન એકેડમી, બેંગલુરૂ
૬. બોમ્બે ફ્લાઈંગ ક્લબ, મુંબઈ
૭. યુનિવર્સલ એવિએશન એકેડમી, ચેન્નાઈ
૮. નાગરિક ઉડ્ડયન તાલીમ કેન્દ્ર, નવી દિલ્હી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- mybharat.gov.in
- https://anubandham.gujarat.gov.in



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ગોપિકા ગોવિંદ,** સપ્ટેમ્બર ૨૦૨૨માં, કેરળમાં એર હોસ્ટેસ તરીકે ઉડાન ભરનારી, અનુસૂચિત જનજાતિની પ્રથમ મહિલા બની. તેણીએ રસાયણશાસ્ત્રમાં અનુસ્નાતક કર્યું અને ત્યારબાદ, તેમણે ડ્રીમ સ્કાય એવિએશન ટ્રેનિંગ એકેડેમી, વાયનાડ ખાતે આઈ.એ.ટી.એ. (ઇન્ડિયન એવિએશન ટ્રેનિંગ એકેડેમી)માં ગ્રાહક સેવા સંભાળ માટેનો ડિપ્લોમા કોર્ષ પસંદ કર્યો હતો.*

સ્રોત: https://www.newindianexpress.com/good-news/2022/sep/01/12-year-old-dream-comes-true-kerala-tribal-girl-becomes-air-hostess-2493590.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.